# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

### આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) આગામી વસ્તી ગણતરીમાં જાતિગત વસ્તી ગણતરી પણ કરવાનો કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય.

2) વર્તમાન ખાંડ સીઝન માટે શેરડીનો ભાવ 355 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નક્કી કરાયો.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મુંબઈમાં ભારતના પ્રથમ WAVES 2025 સમિટનું ઉદ્ઘાટન કરશે.

4) આજે અક્ષયતૃતીયાનાં રોજ શ્રદ્ધાળુઓ માટે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરના કપાટ ખોલવામાં આવ્યા.

5) I.P.L. માં પંજાબ કિંગ્સે ચેન્નઈ સુપર કિંગ્સ સામે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Cabinet Meeting-1

સરકારે આગામી વસ્તી ગણતરીમાં જાતિગત વસ્તી ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની રાજકીય કાર્યવાહી સમિતિમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે વસ્તી ગણતરી કેન્દ્રીય મુદ્દો છે.

**(BYTE : ASHWANI VAISHANAV-CAST)**

કોંગ્રેસ પર પ્રહાર કરતાં શ્રી વૈષ્ણવે કહ્યું કે વિપક્ષી સરકારોએ હંમેશા જાતિગત વસ્તી ગણતરીનો વિરોધ કર્યો છે. વર્ષ 2010 માં, તત્કાલીન પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહે લોકસભામાં ખાતરી આપી હતી કે જાતિ આધારિત વસ્તી ગણતરીનો મુદ્દો મંત્રીમંડળમાં ધ્યાનમાં લેવામાં આવશે અને આ સંદર્ભમાં મંત્રીઓનું એક જૂથ બનાવવામાં આવશે. મોટાભાગના રાજકીય પક્ષો જાતિ વસ્તી ગણતરીની ભલામણ કરવા છતાં, કોંગ્રેસ સરકારે જાતિ વસ્તી ગણતરીને બદલે માત્ર સર્વેક્ષણ કરવાનો નિર્ણય લીધો.

શ્રી વૈષ્ણવે કહ્યું કે કોંગ્રેસ અને તેના ગઠબંધન ભાગીદારોએ જાતિ વસ્તી ગણતરીનો ઉપયોગ ફક્ત રાજકીય સાધન તરીકે કર્યો છે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે કેબિનેટની આર્થિક બાબતોની સમિતિએ શિલોંગથી સિલચર સુધીના નવા ધોરીમાર્ગના નિર્માણને મંજૂરી આપી છે. તેના પર 22 હજાર 864 કરોડ રૂપિયાનો ખર્ચ થશે. શ્રી વૈષ્ણવે કહ્યું કે આ પ્રોજેક્ટ ઉત્તર-પૂર્વ ક્ષેત્રના વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે કહ્યું કે આ ધોરીમાર્ગ 166 કિમીથી વધુ લાંબો હશે. આનાથી ત્રિપુરા, મિઝોરમ, મણિપુર અને આસામની બરાક ખીણની કનેક્ટિવિટીમાં સુધારો થશે.

# Cabinet Meeting-2

મંત્રીમંડળે ખાંડ સીઝન 2025-26 માટે શેરડીનો વાજબી અને લાભદાયી ભાવ 355 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવાની પણ મંજૂરી આપી હતી. આ નિર્ણયથી પાંચ કરોડ શેરડી ખેડૂતો તેમજ ખાંડ મિલો અને સંબંધિત આનુષંગિક પ્રવૃત્તિઓમાં કાર્યરત પાંચ લાખ કામદારોને ફાયદો થશે.

# Mumbai – Waves Summit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં ભારતના પ્રથમ વિશ્વ દ્રશ્ય, શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન WAVES 2025નું ઉદ્ઘાટન કરશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ..

## (VOICE CAST : ANIL PATEL)

*ચાર દિવસની આ સમિટમાં વિશ્વભરનાં સર્જકો, સ્ટાર્ટઅપ્સ, મનોરંજન ક્ષેત્રનાં અગ્રણીઓ અને નીતિ ઘડવૈયાઓ ઉપસ્થિત રહેશે. સંમેલનમાં 90થી વધુ દેશોનાં 10 હજારથી વધુ પ્રતિનિધીઓ ભાગ લેશે. વૈશ્વિક માધ્યમ અને મનોરંજન ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ આ સંમેલનમાં ગ્લોબલ મિડીયા ડાયલોગ પણ યોજાશે, જેમાં 25 દેશોનાં મંત્રીઓ ભાગ લેશે.*

*સમિટનું મુખ્ય આકર્ષણ વૈશ્વિક ઇ-માર્કેટપ્લેસ 'વેવ્ઝ બાઝાર' છે, જેમાં છ હજારથી વધુ ગ્રાહકો, પાંચ હજારથી વધુ વિક્રેતાઓ ભાગ લેશે અને બે હજાર પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવશે. વેવ્ઝ બાઝારનો હેતુ સ્થાનિક અને વૈશ્વિક ગ્રાહકો અને વિક્રેતાઓને એક મંચ પર લાવીને વેપારની તકો સુનિશ્ચિત કરવાનો છે.*

***અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ***

# PM-MAHARASHTRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી મહારાષ્ટ્ર, કેરળ અને આંધ્રપ્રદેશના બે દિવસના પ્રવાસે જશે. તેમના પ્રવાસના પહેલા દિવસે, પ્રધાનમંત્રી મુંબઈમાં વિશ્વ દ્રશ્ય, શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન (WAVES)નું ઉદ્ઘાટન કરશે. બીજા દિવસે તેઓ કેરળ જશે અને વિઝિંજમ આંતરરાષ્ટ્રીય ડીપવોટર મલ્ટીપર્પઝ સીપોર્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. તે દેશનું પ્રથમ સમર્પિત કન્ટેનર ટ્રાન્સ-શિપમેન્ટ પોર્ટ છે, જે ભારતના દરિયાઈ ક્ષેત્રમાં કરવામાં આવી રહેલા પરિવર્તનશીલ સુધારાઓનું પ્રતિનિધિત્વ કરે છે. તેને વિકાસશીલ ભારતના સંકલિત વિઝનનો ભાગ માનવામાં આવે છે. શ્રી મોદી આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.

આ પછી, શ્રી મોદી અમરાવતીમાં 58 હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી આંધ્રપ્રદેશમાં સાત રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સ માર્ગ સલામતીને વધુ વેગ આપશે, રોજગારીની તકોનું સર્જન કરશે.

શ્રી મોદી કનેક્ટિવિટી અને ક્ષમતા વધારવા માટે રેલ્વે પ્રોજેક્ટ્સ પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ છ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સ અને એક રેલ્વે પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે.

# Rajnath-Moscow visit

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ૯ મેના રોજ મોસ્કોમાં વિજય દિવસ પરેડમાં હાજરી આપવા માટે રશિયાની મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે રશિયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉજવણીમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે. રશિયાને પહેલાથી જ જાણ કરવામાં આવી હતી કે સંરક્ષણ મંત્રી પરેડમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

# INDIA PAK - DGMO

ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) એ પાકિસ્તાની DGMO સાથે વાત કરી છે અને નિયંત્રણ રેખા પર પાકિસ્તાની સેના દ્વારા કોઈપણ ઉશ્કેરણી વિનાના ઉલ્લંઘન સામે ચેતવણી આપી છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને DGMO એ ગઈકાલે લશ્કરી હોટલાઇન પર વાત કરી હતી. ભારતીય અધિકારીએ પાકિસ્તાન દ્વારા બિનઉશ્કેરણી વિના યુદ્ધવિરામ ઉલ્લંઘનનો મુદ્દો ઉઠાવ્યો હતો.

# Jammu-Army Chief

લેફ્ટનન્ટ જનરલ પ્રતીક શર્માએ ઉધમપુરમાં ઉત્તરી આર્મી કમાન્ડના નવા કમાન્ડર-ઇન-ચીફનો કાર્યભાર સંભાળ્યો છે. શ્રી શર્માએ લેફ્ટનન્ટ જનરલ એમ.વી. સુચેન્દ્ર કુમારનું સ્થાન લીધું. સુચેન્દ્ર કુમાર 30 વર્ષથી વધુ સેવા બાદ આજે નિવૃત્ત થયા. જનરલ શર્મા ઓપરેશન પવન, મેઘદૂત, રક્ષક અને પરાક્રમ જેવા મોટા ઓપરેશનનો ભાગ રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# Majumdar-Education Workshop

કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી સુકાંત મજુમદારે આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન હેઠળ બહુ-વિષયક શિક્ષણ અને સંશોધન યુનિવર્સિટીઓ પર બે દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું ઉદ્ઘાટન કર્યું. ડૉ. મજુમદારે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ યુવાનોને સશક્ત બનાવે છે, સંસ્થાઓનું આધુનિકીકરણ કરે છે અને ભારતના પ્રાચીન જ્ઞાનને આધુનિક નવીનતા સાથે જોડે છે.

ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ વિનીત જોશી સહિત અન્ય મહાનુભાવો અને યુનિવર્સિટીઓના કુલપતિઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# CHARDHAM YATRA

અક્ષયતૃતિયાના પાવન પ્રસંગે આજે ઉત્તરકાશી જિલ્લામાં શ્રદ્ધાળુઓ માટે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરના કપાટ ખોલવામાં આવ્યા. આ સાથે જ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાનો આરંભ થયો છે. વૈદિક મંત્રોચ્ચાર અને અન્ય ધાર્મિક વિધિ સાથે કપાટ ખોલવામાં આવ્યા. દેશભરમાંથી આવેલા શ્રદ્ધાળુઓ ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં પૂજા-અર્ચના કરવા માટે ઉત્તરકાશી જિલ્લામાં આવ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ પૂજા-અર્ચના કરી. હવે કેદારનાથ ધામના કપાટ શુક્રવારે અને બદ્રીનાથ ધામના કપાટ રવિવારે ખોલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ચારધામ યાત્રામાં દર વર્ષે દેશ-વિદેશથી લાખો શ્રદ્ધાળુઓ આવે છે.

# DELHI POLICE

દિલ્હી પોલીસની ભ્રષ્ટાચાર વિરોધી શાખાએ 2 હજાર કરોડ રૂપિયાના વર્ગખંડ બાંધકામ કૌભાંડમાં આમ આદમી પાર્ટીના અગ્રણી નેતાઓ અને પૂર્વ મંત્રીઓ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. આ કૌભાંડ આમ આદમી પાર્ટી સરકારના કાર્યકાળ દરમિયાન બાર હજારથી વધુ વર્ગખંડો અને ઇમારતોના બાંધકામ સાથે સંબંધિત છે.

# ARJUN MEGHWAL-PAHALGAM

કાયદા અને ન્યાય મંત્રી અર્જુન મેઘવાલે કહ્યું છે કે પહેલગામ આતંકવાદી હુમલા અંગે સંસદનું વિશેષ સત્ર બોલાવવાની વિપક્ષની માંગ અંગે પત્ર મળ્યો છે. આ અંગે મંત્રીમંડળની સંસદીય બાબતોની સમિતિ ચર્ચા કરશે.

# ARJUN MEGHAWAL- AKHILESH YADAV

ભારતીય જનતા પાર્ટીએ ડૉ. ભીમરાવ આંબેડકરનું અપમાન કરવા બદલ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની ટીકા કરી છે. કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે આજે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે સમાજવાદી પાર્ટીએ બાબા સાહેબનો અડધો ચહેરો અને અખિલેશ યાદવનો અડધો ચહેરો દર્શાવતું પોસ્ટર બહાર પાડ્યું છે જે ડૉ. આંબેડકરનું અપમાન છે.

શ્રી મેઘવાલે કહ્યું કે જ્યારે સમાજવાદી પાર્ટીનું કોંગ્રેસ સાથે જોડાણ છે ત્યારે દલિત સમુદાય અખિલેશ યાદવને કેવી રીતે સમર્થન આપી શકે છે.

# Delhi-IIT MoU

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-IIT, નવી દિલ્હી અને જળ શક્તિ મંત્રાલયના સેન્ટ્રલ વોટર કમિશન (CWC) એ આજે ડેટા સાયન્સ, કૃત્રિમ બુદ્ધિમતા અને મશીન લર્નિંગ સહિત વિવિધ અદ્યતન ટેકનોલોજીઓ પર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. આ સમજૂતી કરારનો ઉદ્દેશ્ય અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા જળ સંસાધનોનું સંચાલન કરવાનો છે.

# IPL

I.P.L. ક્રિકેટમાં આજે ચેન્નઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. ચેન્નઈના એમ. એ. ચિદમ્બરમ્ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી મેચમાં પંજાબ કિંગ્સની ટીમે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

છેલ્લા મળતા અહેવાલ મુજબ, ચેન્નઈ સુપર કિંગ્સે 4 ઓવરમાં 2 વિકેટ ગુમાવી 28 રન બનાવ્યા છે.